સર્ગ ૧

નિર્મિત મિલનસ્થાન

ખોજમાં નીકળેલી સાવિત્રીનો રથ તપોવનોના પ્રદેશો પસાર કરતો જતો હતો. ત્યાં હવે નિર્મિત થયેલું સ્થાન અને નિર્મિત થયેલી ઘડી નજીક આવ્યાં. અજાણતાં એ પોતાના અનામી લક્ષ્યની નિકટમાં આવી પહોંચી હતી. ખરેખર! વિધિ સર્વજ્ઞ છે અને એનું કામ બંધ ને ભ્રામક છળવેશો પાછળ અચૂક ચાલતું હોય છે. આ લીલામય સંસારમાં કશું જ એના નક્કી થયેલા સમય વિના ને નક્કી થયેલા સ્થાન સિવાય બનતું નથી.

સાવિત્રીય હવે એક એવે સ્થાને આવી પહોંચી. ત્યાંની હવા હતી મૃદુ અને મંજુલ. તારુણ્યનું ને હર્ષનું એ હતું પવિત્ર ધામ. મુક્ત આમોદપ્રમોદની એ ઉન્નત ભૂમિમાં વસંત અને ગ્રીષ્મ હાથ શું હાથ મિલાવી હસતા હતા અને હવે કોણે રાજ્ય ચલાવવું તે વિષયનો વાદવિવાદ આળસુ મિત્રોની માફક કરતા હતા. આશાએ ત્યાં ઓચિંતી પાંખ ફફડાવી, ભૂતલમાંથી એક જીવે જાણે બહાર ડોકિયું કર્યું, રોજનાં સુખો ને સ્વપ્નો વીસરાયાં ને સાવિત્રીની અંદરનું સર્વ આગામી રૂપાંતર અનુભવવા લાગ્યું ને શાશ્વતની દૃષ્ટિ નીચે નિવાસ કરનાર શાંત અને શુદ્ધ સૌન્દર્યની પ્રત્યે ઉદ્ધારાયું. કાળનું કહેણ આવ્યું 'તું, એના આત્માનો ભાગ્યયોગ આવ્યો 'તો.

પર્વતમાળાનાં મસ્તકો ત્યાં જાણે આકાશ પર આક્રમણ કરતાં હતાં. એમના પાષાણમય પાયે પૃથ્વી જાણે પ્રણિપાતપૂર્વક ઢળી હતી. નીચે હતાં સ્વપ્ન સેવતાં લીલમ-લીલાં વન, કાંતિમાન કાનન-કિનારીઓ, મોતીની સેર જેવાં લસલસતાં ઝરણાંઓ, પ્રમોદપૂર્ણ પર્ણોમાં ભૂલો ભટકતો મર્મરાટ, શીળી સુગંધિત વાયુલહરીઓની ફોરતાં ફૂલો મધ્યે થઈ રહેલી હરફર કરતી હિલચાલ. જલધારે ક્યાંક ત્યાં એક પગે ઊભેલો ધવલ બગ ધ્યાનનો ઢોંગ કરતો હતો, ક્યાંક મયૂર અને લાલ ચાંચ ને કાળા કાંઠલાવાળા કીર તરુઓને રત્ન-રળિયામણાં બનાવતા હતા, હવામાં હલકાતો હોલાઓનો કલ કોમલ કૂજનરવ ક્યાંક કાને પડતો હતો, રૂપલ પલ્વલોમાં ક્યાંક કલહંસો તરતા હતા : સારી પૃથ્વી પોતાના પ્રિયતમ દ્યુલોકની દૃષ્ટિ સેવતી અનાવૃત આરામમાં ઢળી હતી. મહીની મહામુદા મત્તભાવે પ્રેમનાં સંગીતોના સૂર ઉદારતાથી રેલાવતી હતી ને પોતાનાં પુષ્પોનું રંગરંગીન ભાતીગળ સૌન્દર્ય ઉડાઉપણે વેડફી રહી હતી. સુગંધોની ને રંગોની રેલમછેલે મહોત્સવ મચાવી મૂક્યો હતો.

વન હતું ગહન. ગાઢ ગાઢ વૃક્ષોની ઘટાઓમહીંથી અવાજો આવતા હતા,

છાપો મારતી છલંગો ચકિત કરતી હતી, દ્રુતવેગ દોડધામ ચાલતી હતી. ચારપગલાં ત્યાં શિકારોની પૂઠ લેતાં, અરણ્યના અશ્વોની કેશવાળીઓ વીંઝાતી, સોનેરી ને નીલમાં ઉષ્માઓ ને ભભકો ભાળવામાં આવતી. આનંદમગ્નતામાં જાદૂઈ જીવન ત્યાં જિવાતું, સુખભોગ સેવતું, દોડાદોડ કરતું ને એના સુખકારી આવાસોમાં અંતર્લીન થઈ જતું. પણ આ સર્વની પૃષ્ઠભૂમિકા રૂપે ત્યાં હતી શાંતિ, પ્રકૃતિની આદિકાલીન ધ્યાનમગ્ન શાંતિ અને એ શાંતિના હૃદયમાં ચાલતા પશુપક્ષીઓના સહજ સંઘર્ષો ક્યાંના ક્યાં શમી જતા.

કુદરતમાં કૃત્રિમતા લાવતો માણસ હજુ સુધી ત્યાં ગડબડ મચાવવા ઘૂસ્યો નહોતો, ત્યાંની સહજસુખિયા વસ્તુઓને એણે વિકૃત કરતો હાથ અડાડ્યો નહોતો. જીવન ત્યાં પોતાના લક્ષ્ય સાથે મેળરહિત બનતાં હજુ શીખ્યું નહોતું. મહામાતા પ્રકૃતિ દેવી ત્યાં અંગો પ્રસારી સુખારામમાં સૂઈ રહી હતી. ત્યાંનું બધું જ મૂળ યોજના અનુસાર ચાલ્યા કરતું હતું. લીલમિયા વિનોદમાં વૃક્ષો ફાલતાં ને ફૂલતાં. વનનાં બાળકો સુખમાં રહેતાં ને દુઃખના કક્કાને ઘૂંટયા કરતાં નહિ.

અંતે આવ્યો એક અનોખો પ્રદેશ. ત્યાં હતાં જટાજૂટધારી જંગલો ને પ્રશ્ન કરતા પહાડો. દૂરમાં દેખાતી 'તી બખ્તરધારી ટૂકો—નિર્જનતામાં નિરાળી ને દેખાવે ભવ્ય, નૃત્ય કરતા સર્વશક્તિમાન ઈશ્વરના મુદિત સ્મિત પૂઠે સંતાયેલી અનંતતાઓ જેવી ભવ્ય. જટિલ જંગલો જાણે સ્વર્ગ ઉપર ચડાઈ કરતાં હોય, ગિરિ-ગુહાના પાષાણી દુર્ગમાંથી કાળના જગતના પળના પ્રમોદ પર નીલકંઠ જાણે દૃષ્ટિપાત કરતા હોય એવું લાગતું હતું. એમનો વિરાટમાં વિસ્તરેલો આત્મા પાછળ પોઢેલો દેખાતો. એક પાર વગરની નિવૃત્તિનો જબરજસ્ત મર્મરધ્વનિ શ્રવણોને ઘેરી લેતો. જગતમાંથી વિદાય લઈ જતા જીવનો જાણે એ વિષાદપૂર્ણ અસીમ સાદ હોય એવું લાગતું.

અકળસ્વરૂપા અંબિકાએ સાવિત્રીના સ્વલ્પકાલીન સુખસમય માટે આ સ્થાન પસંદ કર્યું હતું. જગતના સુખદુઃખમાં પોતાને ભજવવાનો પાઠ જગતથી દૂર આવેલા અહીંના આ એકાંતમાં એણે આરંભ્યો. આ સ્થળે એણે ગૂઢ દિવ્યતાના દરબારો જોયા, અહીં એને માટે સૌન્દર્યનાં ને આશ્ચર્યનાં છૂપાં દ્વારો ઊઘડયાં, સોનેરી સદનમાં સમર્મર પાંખોનાં, માધુર્યના મંદિરનાં ને ફિરસ્તાઓની અવરજવર માટેના બાજુ પરના માર્ગોનાં એને દર્શન થયાં.

કાળના ક્લેશકલુષ માર્ગો પર સાવિત્રીનો આત્મા એક અજાણ્યો મુસાફર બનીને આવ્યો હતો. પોતે આવી હતી અમૃતના ધામમાંથી, છતાંય અહીંયાં એણે મૃત્યુની ને દૈવની ધૂંસરી ધારી હતી. વિશ્વોની વેદનાની વેદીમાં એ મહાયજ્ઞનું મંડાણ કરવાને આવી હતી.

આ અરણ્યમાં સાવિત્રીને પ્રેમનો ભેટો થયો.